શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ડાયાલીસીસ વિભાગ
(સહયોગી સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)
શહેરના કીડની રોગની તકલીફ ધરાવતા જરૂરીયાતમંદ દર્દીઓ માટે સંસ્થા સંચાલિત ડાયાલીસીસ વિભાગમાં ઘર જેવું સુવિધામય, સ્વચ્છ, નિરામય વાતાવરણ અને અદ્યતન સાધનોથી સુસજ્જ ડાયાલીસીસની સારવાર ખૂબ જ નજીવા દરે તથા સરકારશ્રીની PMJAY યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
24 x 7 ઈમરજન્સી સારવાર માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
(સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ-અગ્નિકર્મ-વેદનકર્મ-મર્મરૂહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
ફી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાજણ સ્ટ્રીટ, અઠ્ઠાગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ એકમ રવિવાર ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૬

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

ભારે ટીકાઓ બાદ ચૂંટણી પંચે ભૂલો સુધારી

SIR અંગેના તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હતા: ચૂંટણી પંચનો ખુલાસો

બે ચૂંટણી કમિશનરોએ કેબિનેટ સચિવને લખેલો પત્ર કોઇ નીતિ વિષયક બાબત અંગે ન હતો

ભારે વિવાદ વચ્ચે ત્રણેય ચૂંટણી કમિશનરો નિર્વાચન ભવન ખાતે ભેગા થયા, નિવેદન બહાર પાડ્યું

SIR પ્રક્રિયા, ECINet, ફોર્મ ૬ વગેરે અંગે વિસ્તૃત ખુલાસાઓ કર્યા

નવી દિલ્હી, તા. 26: ચૂંટણી પંચે શનિવારે સ્પષ્ટતા કરી હતી કે તમામ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR)ના આદેશો ત્રણેય ચૂંટણી કમિશનરોની મંજૂરી બાદ જ જારી કરવામાં આવ્યા હતા અને ફોર્મ 6માં કરાયેલા ફેરફારો, કે જેના દ્વારા મતદાર યાદીમાં નામો ઉમેરવામાં આવે છે, તેને સર્વોચ્ચ અદાલતે પણ માન્ય રાખ્યા છે.

બે ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વચ્ચેના મતભેદોના વિવાદ વચ્ચે ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બે કમિશનરો - સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશી - દ્વારા કેબિનેટ સચિવને લખવામાં આવેલા પત્રો પંચની કે તેની IT શાખાની કોઈ નીતિવિષયક બાબતો સાથે સંબંધિત ન હતા, પરંતુ ડેપ્યુટેશન પર તૈનાત પંચના એક અધિકારીની કામગીરી અંગેના હતા.

ચીફ ઇલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમાર અને ઇલેક્શન કમિશનરો એસ.એસ. સંધૂ તથા વિવેક જોશી ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીઓની ચાલી રહેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR) અંગે ઉભા થયેલા પ્રશ્નો વચ્ચે શનિવારે નવી દિલ્હી સ્થિત ઇલેક્શન કમિશનના મુખ્યાલય ખાતે ભેગા થયા હતા.

પંચની બેઠક બપોરે 3 વાગ્યે મળી હતી અને ત્યારબાદ એક વિસ્તૃત પ્રેસ નોટ જાહેર કરીને SIR પ્રક્રિયા, ECINet, ફોર્મ ૬, દાવાઓ અને વાંધાઓ, તેમજ કેબિનેટ સચિવને કરવામાં આવેલા આંતરિક પત્રવ્યવહાર અંગે તાજેતરમાં ઉભા થયેલા પ્રશ્નો બાબતે લીધેલા શ્રેણીબદ્ધ નિર્ણયોની માહિતી આપી હતી. પંચે ઉમેર્યું હતું કે અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા કામની પુનઃવહેંચણીના આદેશો બે કમિશનરોના આદેશ બાદ "વાસ્તવમાં અમલમાં મૂકવામાં આવ્યા નહોતા." અને DEC દ્વારા IT ડિવિઝન પરની દેખરેખ ક્યારેય વાસ્તવમાં પાછી ખેંચવામાં આવી નહોતી. આ સ્પષ્ટતા પંચની કામગીરી અને તેના IT ડિવિઝનની ભૂમિકા અંગે ઉભા થયેલા પ્રશ્નોની પૃષ્ઠભૂમિમાં આવી છે, જેમાં ECએ શનિવારની બેઠકનો ઉપયોગ પોતાનો પક્ષ રેકોર્ડ પર મૂકવા માટે કર્યો હતો. પંચે SIR મુદ્દે ચૂંટણી પંચની અંદર કોઈ મતભેદ હતો કે નહીં તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો હતો. પંચે જણાવ્યું હતું કે બિહારથી શરૂ કરીને ત્યારબાદ પશ્ચિમ બંગાળ અને અન્ય 30 રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો સહિત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતો ૨૪ જૂન, ૨૦૨૫ના રોજ જારી કરાયેલ SIR આદેશ "પંચની સર્વસંમતિથી મંજૂરી" સાથે જારી કરવામાં આવ્યો હતો. વધુમાં ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટે ૨૭ મે, ૨૦૨૬ના રોજ આ આદેશને માન્ય રાખ્યો હતો. પંચે ગોવાના અનુભવ તરફ પણ ઈશારો કર્યો હતો, જ્યાં BLOs ને મતદાર યાદીમાંથી રહી ગયેલા મતદારોના ઘરે જઈને તેમના ફોર્મ એકત્રિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ECએ જણાવ્યું કે આવા ૯૭ મતદારોમાંથી ૮૧ મતદારોએ સમાવેશ માટે ફોર્મ ૬ પહેલેથી જ ભરી દીધું હતું.

મતદાર યાદીમાંથી બાકાત થઇ ગયેલાઓની મદદ માટે અનેક પગલાઓની જાહેરાત

જેમના નામ નીકળી ગયા છે તેવા મતદારોના દસ્તાવેજો ઉઘરાવવા બીએલઓ ઘરે આવશે, મદદ માટે હેલ્પ ડેસ્ક્સ શરૂ કરાશે

દિલ્હી અને મહારાષ્ટ્રમાં દાવાઓ રજૂ કરવા વધારા માટેની મુદ્દત લંબાવાઇ

નાઇટ શેલ્ટર અને ગરીબો માટે વિશેષ કેમ્પ યોજાશે; હવે રજૂઆત માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નહીં રહે

નવી દિલ્હી, તા. 26: ચૂંટણી પંચે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવ્યુ(SIR) દરમિયાન ઊભી થયેલી સમસ્યાઓને પગલે ભારે ટીકાઓ હેઠળ આવી ગયેલ ચૂંટણી પંચે મતદાર યાદીમાંથી નામ હટાવવાની નોટિસનો સામનો કરી રહેલા લોકો માટે હેલ્પ ડેસ્ક સહિતના અનેક પગલાંઓની શનિવારે જાહેરાત કરી હતી, જેમાં દાવો રજૂ કરવા માટે વધારાનો સમય, ચૂંટણી અધિકારીઓ દ્વારા આવા મતદારોના ઘરની મુલાકાતનો પણ સમાવેશ થાય છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનરો ડૉ. એસ. એસ. સંધૂ અને વિવેક જોશીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠક બાદ

હવે સુનાવણી માટે ધક્કા નહીં ખાવા પડે, ઓનલાઇન સુનાવણી થઇ શકશે

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અપવાદરૂપ પરિસ્થિતિઓને બાદ કરતાં ERO/AERO (ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર્સ/આસિસ્ટન્ટ ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર્સ) ઓફિસોમાં રૂબરૂ સુનાવણીની હવે જરૂર રહેશે નહીં, અને આ સુનાવણી બને ત્યાં સુધી ઓનલાઈન યોજવામાં આવશે. મતદાર વતી તેમના અધિકૃત પરિવારના સભ્યો પણ હાજર રહી શકશે. ઓનલાઈન સુનાવણી માટેની સુવિધાઓને વધુ મજબૂત કરવામાં આવી રહી છે.

ECINET પ્રણાલીની સમીક્ષા કરવા સમિતિ રચાશે

ભારતના ચૂંટણી પંચે (ECI) શનિવારે તેની ECINET પ્રણાલીની સમીક્ષા કરવા અને આ પોર્ટલ સંબંધિત કાયદાઓ અને નિયમોની જોગવાઈઓનું પાલન કરે છે કે નહીં તેની ચકાસણી કરવા માટે એક સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે. આ સમિતિના અધ્યક્ષ સીનિયર ડેપ્યુટી ઇલેક્શન કમિશનર (DEC) હશે અને તેમાં IIT અથવા IIIT ના એક સ્વતંત્ર નિષ્ણાત પણ સામેલ રહેશે. આ સમિતિ પોતાનો અહેવાલ પંચને

...અનુસંધાન પાના 11 પર

ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે બૂથ લેવલ ઓફિસર્સ હવે અનમેપ્ડ વ્યક્તિઓ અથવા લોજિકલ વિસંગતતા ધરાવતા લોકો માટે દસ્તાવેજો એકત્રિત કરવા અને તેને

...અનુસંધાન પાના 11 પર

બેંગકોકમાં રસ્તાઓ બેટમાં ફેરવાયા

2011 પછીનું સૌથી ભયાનક પૂર, 84,000થી વધુ લોકો પ્રભાવિત

વિદેશી પ્રવાસીઓ અને સ્થાનિકો મુશ્કેલીમાં મૂકાયા

બેંગકોક, તા. 26 (AP): શનિવારે થાઇલેન્ડની રાજધાનીના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ખાબક્યો હતો, જેના કારણે ટ્રાફિકને અસર થઈ હતી અને સેંકડો લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. આ મૂશળધાર વરસાદ ગુરુવાર બપોરથી શરૂ થયો હતો. થાઇલેન્ડના હવામાન વિભાગે ચેતવણી આપી હતી કે, મધ્ય પ્રદેશ પરના મજબૂત લો-પ્રેશર સિસ્ટમ અને મજબૂત બનતી નૈઋત્ય ચોમાસાની પરિસ્થિતિને ટાંકીને રવિવાર સુધી દેશના મોટા ભાગના ભાગોમાં ભારે વરસાદ ચાલુ રહેશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બેંગકોકની મુખ્ય નહેરોમાં વરસાદી પાણી 20 સેન્ટિમીટર (7.8 ઇંચ)થી વધુ જમા થઈ ગયું છે. પૂરનું પાણી સમગ્ર શહેરમાં, ખાસ કરીને મધ્ય અને પૂર્વ ભાગોમાં ફેલાઈ ગયું છે, જેના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે અને કેટલાક વિસ્તારોમાં ટ્રાફિક અટકી ગયો છે.

શનિવાર સુધીમાં દેશભરના 21 પ્રાંતોમાં 84,000થી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા હતા, ખાસ કરીને મધ્ય ક્ષેત્રમાં. સરકારે જણાવ્યું હતું કે, સત્તાવાળાઓએ સેલ-બ્રોડકાસ્ટ સિસ્ટમ દ્વારા પ્રભાવિત વિસ્તારોના લોકોને કટોકટી ચેતવણી સંદેશા મોકલ્યા હતા.

દક્ષિણ કોરિયાથી વિમાન દ્વારા આવેલા અને દસ કરતાં વધુ વખત બેંગકોકની મુલાકાત લઈ ચૂકેલા હવાંગ હ્વાન-ચુંગે જણાવ્યું હતું કે, તેમણે ક્યારેય આવું ભયાનક પૂર જોયું નથી અને ઉમેર્યું કે તેમને કોઈ ટેક્સી મળી શકી નહીં.

સ્થાનિક નિવાસી સુકન્યા ટોંગસુકે જણાવ્યું હતું કે, વર્તમાન પૂર છેલ્લી વાર 2011માં બેંગકોકમાં વ્યાપક પૂર આવ્યું હતું તેના જેવું જ હતું.

મણિપુરના સેનાપતિ જિલ્લામાં 2 વ્યક્તિની ગોળી મારીને હત્યા

ઈમ્ફાલ, તા. 26 (PTI) : મણિપુરના સેનાપતિ જિલ્લામાં શનિવારે શંકાસ્પદ ઉગ્રવાદીઓએ બે નાગા નાગરિકોની ગોળી મારીને હત્યા કરી નાખી હતી અને અન્ય બે લોકોને ઘાયલ કર્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના નાગા-બહુમતી ધરાવતા જિલ્લાના કલાજન ગામ ખાતે બપોરે 3 વાગ્યાની આસપાસ બની હતી.

અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું કે, આ ઘટના કાંગપોકપી જિલ્લાના કાલેનજંગ ગામ ખાતે બની હતી.

મૃતકોની ઓળખ રોકી માઓ અને કુમાર પોમાઈ તરીકે થઈ છે.

ઘાયલ થયેલા 33 વર્ષીય અદાની માનિયો અને 49 વર્ષીય આશીહો સાનીને સારવાર માટે સેનાપતિ જિલ્લાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, મૃતકોના શબને પોસ્ટમોર્ટમ માટે સેનાપતિ જિલ્લા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે બે નાગરિકોની હત્યાની આકરી

...અનુસંધાન પાના 11 પર

30 સપ્ટેમ્બરે દિલ્હીમાં 'ઇન્ડિયા બ્લોક'ની મહત્વની બેઠક

ચૂંટણી કમિશનરની પસંદગી પ્રક્રિયા સામે સંગઠિત આંદોલનની શક્યતા

નવી દિલ્હી, તા. 26 (PTI): ચૂંટણી પંચ, મતદાર યાદીની વિશેષ સઘન પુનઃચકાસણી (એસઆઈઆર) અને અન્ય મુદ્દાઓ પર પોતાની રણનીતિની ચર્ચા કરવા માટે વિપક્ષી ઇન્ડિયા બ્લોકના પક્ષો 30 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય રાજધાનીમાં બેઠક યોજે તેવી સંભાવના છે. એમ સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું.

સૂત્રોએ સંકેત આપ્યો હતો કે, સંકલિત વિરોધ પ્રદર્શનો કરવા અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે.

ચૂંટણી પંચમાં એસઆઈઆર પ્રક્રિયાનાં કેટલાંક પાસાંઓ અંગે મતભેદોના અહેવાલો અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની વધતી જતી માંગણીઓ વચ્ચે વિરોધ પક્ષો વચ્ચે પરસ્પર સંકલન વધ્યા બાદ આ પ્રસ્તાવિત બેઠક મળી રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, વિરોધ પક્ષો આ મુદ્દે એક સંગઠિત અભિયાન ચલાવવાની રીતો પર ચર્ચા કરે તેવી સંભાવના છે.

ઇન્ડિયા બ્લોકના અનેક નેતાઓએ ચૂંટણી પ્રક્રિયા આસપાસની ચિંતાઓ સામે એક થવા માટે વિરોધ પક્ષો, નાગરિક સમાજ જૂથો અને સામાન્ય લોકોને આહ્વાન કર્યું છે.

તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય સંયુક્ત સચિવ ડેરેક ઓ'બ્રાયને જણાવ્યું હતું કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ વિપક્ષી અભિયાનના કેન્દ્રમાં રહેશે. ચૂંટણી કમિશનરની પસંદગી પ્રક્રિયામાં ફેરફાર અને એસઆઈઆર સામેનો વિરોધ સહિતની અન્ય માંગણીઓ પણ આગળ ધપાવવામાં આવશે.

...અનુસંધાન પાના 11 પર

બેકાબૂ AIએ અમેરિકી સરકારી વિભાગોના ડેટાની તફડંચી કરી

ઓપનએઆઇના મોડેલે અમેરિકાના વાણિજ્ય વિભાગ અને શેરબજાર નિયંત્રકની વેબસાઇટો પરથી ડેટા કાઢી લીધો, શિક્ષણ વિભાગની વેબસાઇટને હેક કરવાનો પણ પ્રયાસ કર્યો

ઓપનએઆઇએ કબૂલ્યું કે તેના એઆઇ મોડેલોએ અણધારી વર્તણૂક કરી હતી

સાન ફ્રાન્સિસ્કો, તા. 26: અને અમેરિકી શેર માર્કેટ રેગ્યુલેટર ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈની AI સિસ્ટમ બેકાબૂ થઈ ગઈ. પોતાની લેબને જણાવ્યા વગર જ કોમર્સ ડિપાર્ટમેન્ટ SECની વેબસાઇટો પરથી ડેટા કાઢી લીધો. અમેરિકાના શિક્ષણ વિભાગની વેબસાઇટને હેક કરવાનો પણ પ્રયાસ કર્યો.

કોમર્સ ડિપાર્ટમેન્ટ અને SECની વેબસાઇટ પર થયેલી આ ગડબડને ખુદ ઓપનએઆઈએ સાચી માની છે. કંપનીએ કહ્યું કે તે શિક્ષણ વિભાગવાળા મામલાની તપાસ કરી રહી છે. ઓપનએઆઈના જણાવ્યા અનુસાર, તેણે છેલ્લા કેટલાક અઠવાડિયામાં ખુદ સરકારી એજન્સીઓને જણાવ્યું હતું કે તેના ઓટોમેટેડ AI એજન્ટ્સે તેમની વેબસાઇટો પર અણધારી હરકતો કરી છે.

ન્યૂ યોર્ક ટાઇમ્સના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે AI એજન્ટ્સે SECની વેબસાઇટનો પબ્લિક ડેટા એક ઓનલાઇન ફોરમ પર શેર કરી દીધો. તો બીજી તરફ AIએ ઓનલાઇન મળેલા લોગિન ક્રેડેન્શિયલ્સથી કોમર્સ ડિપાર્ટમેન્ટ હેઠળ આવતા સેન્સસ બ્યુરોની વેબસાઇટ પરથી ડેટા કાઢી લીધો. ઓપનએઆઈનો દાવો છે કે આ ઘટનાઓ કોઈ મોટા ડેટા લીક કે હેકિંગની વ્યાખ્યામાં નથી આવતી. જો કે તેનાથી સ્પષ્ટ છે કે સિસ્ટમે ચિંતા ઊભી કરે તેવું કામ કર્યું. કંપનીને આ ઘટનાઓની ખબર ત્યારે

...અનુસંધાન પાના 11 પર

UP, ઉત્તરાખંડ અને ઝારખંડમાં મુશળધાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

યુપીમાં 6ના મોત

ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ચારધામ યાત્રા અટકાવી દેવાઇ, હિમાચલમાં બરફ વર્ષા

ઝારખંડમાં અનેક વિસ્તારો જળમગ્ન, અનેક જિલ્લાઓમાં શાળાઓ બંધ: બંગાળમાં વરસાદની તીવ્રતા આજથી ઘટવાની વકી

રાંચી/લખનઉ/દહેરાદૂન, તા. 26 (PTI): ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે, જેના પગલે સત્તાવાળાઓએ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા 27 સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવાની ફરજ પડી છે.

ઉત્તર પૂર્વ મધ્ય પ્રદેશ અને તેને અડીને આવેલા ઉત્તર છત્તીસગઢ પર સર્જાયેલા ડિપ્રેશનની સૌથી વધુ અસર ઉત્તર પ્રદેશમાં જોવા મળી છે. આ સિસ્ટમ ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં દક્ષિણ-પૂર્વ યુપી તરફ આગળ વધી રહી છે, જેને કારણે ભારે વરસાદ પડ્યો છે. યુપીના 63 જેટલા જિલ્લાઓમાં સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો છે, અને કેટલાક વિસ્તારોમાં મધ્યમ સ્તરના ઘોડાપૂરનું જોખમ ઊભું થયું છે. વરસાદને લગતી વિવિધ ઘટનાઓમાં છ લોકોના મોત થયા છે, જે તમામ લખીમપુર ખેરી, અમેઠી અને બારાબંકી જિલ્લાઓમાંથી નોંધાયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સામાન્ય કરતાં 19 ગણો વધુ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદ, ગાજવીજ અને તેજ પવનોને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ઊભા પાકને ભારે નુકસાન થયું છે અને રાજ્યભરમાં 100થી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે.

ઝારખંડમાં મુશળધાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થઈ ગયા છે, જેનાથી વાહનવ્યવહાર ખોરવાયો છે અને અનેક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. ખરાબ હવામાનને કારણે બિરસા મુંડા એરપોર્ટ પર ઓછામાં ઓછી છ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા આદેશોને પગલે રાંચી અને જમશેદપુર સહિતના કેટલાક જિલ્લાઓમાં શાળાઓ બંધ રહી હતી. ખરાબ હવામાનને

...અનુસંધાન પાના 11 પર

ઈમરાન ખાનના પક્ષે વિરોધ કૂચ ૪ ઓક્ટોબર સુધી મુલતવી રાખી

પાકિસ્તાન સરકારનો ખર્ચ આને કારણે ઘણો વધી જશે

લૉંગ માર્ચના કાર્યક્રમને કારણે સેંકડો કન્ટેઇનરો અને સુરક્ષા કર્મચારીઓ ખડકી દીધા હતા, હવે તે વધુ સમય ગોઠવી રાખવા પડશે

ઇસ્લામાબાદ, તા. 26 (PTI): જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની પાર્ટીએ રાજધાનીમાં રવિવારે યોજાનાર તેના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનને 4 ઓક્ટોબર સુધી મુલતવી રાખવાની જાહેરાત કર્યા બાદ પાકિસ્તાન સરકારનો સુરક્ષા ખર્ચ વધવા જઈ રહ્યો છે.

ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાન(PTI) પાર્ટીએ મુખ્યત્વે પાર્ટીના સ્થાપકને મુક્ત કરવાની માગણી સાથે 27 સપ્ટેમ્બરના રોજ ઇસ્લામાબાદમાં લૉંગ માર્ચ યોજવાની જાહેરાત કરી હતી. 73 વર્ષીય ભૂતપૂર્વ ક્રિકેટર અને રાજકારણી 2023થી જેલમાં છે, જ્યારે ભ્રષ્ટાચારના એક કેસમાં દોષિત ઠેરવાયા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તેઓ રાવલપિંડીની હાઇ-સિક્યોરિટી અદિયાલા જેલમાં બંધ છે.

વિરોધ માર્ચને રોકવા માટે સંઘીય સરકારે રસ્તાઓ બ્લોક કરવા સેંકડો શિપિંગ કન્ટેઇનરો લાવ્યા હતા અને વધારાના સુરક્ષા દળો ગોઠવ્યા હતા. જો કે, PTIએ પોતાનું વિરોધ પ્રદર્શન 4 ઓક્ટોબર સુધી પાછું ઠેલીને પાસા પલટી નાખ્યા, જેનો અર્થ એ છે કે સંઘીય સરકારે વિરોધ પ્રદર્શન શરૂ થાય તે પહેલાં વધુ એક અઠવાડિયા સુધી સતર્ક રહેવું પડશે. પોલીસના સૂત્રોને ટાંકીને 'ડોન' અખબારે અહેવાલ આપ્યો છે કે, PTIના વિરોધ પ્રદર્શનનો સામનો કરવા માટે સુરક્ષા વ્યવસ્થા માટે રાજધાનીની પોલીસ દ્વારા માગવામાં આવેલી રકમ અસરકારક રીતે બમણી થઈ જશે અને સરકારી તિજોરીને 100

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૬-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો (૦૦.૦૦ મીમી)	મોસમનો (૭૬૨.૦૦ મીમી)

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૩.૨૦ સે.	૨૫.૬ સે.	૬૮%